MANOGAT • Year 42 • Issue 24 • 25 March 2024 • Fagan Sud 15, Samvat 2080 • Yugabd 5125 • Price : Rs. 5/- • Pages : 28



૬ઠ્ઠી એપ્રિલ
ભાજપ સ્થાપના દિન

# મનોગત



## ગુજરાતના પનોતા પુત્રએ ગુજરાતને બનાવ્યું વિકસિત ગુજરાત

મોદી સરકાર ૪૦૦ પાર



૧૫ માર્ચ, ૨૦૨૪

મારા પ્રિય પરિવાર,

આપણી ભાગીદારી હવે એક દાયકો પૂર્ણ કરવા જઈ રહી છે. મારા ૧૪૦ કરોડ પરિવારના સભ્યો સાથે વિશ્વાસ, સહકાર અને સમર્થનનો આ મજબૂત સંબંધ મારા માટે કેટલો ખાસ છે તે શબ્દોમાં વ્યક્ત કરવો મુશ્કેલ છે. મારા પરિવારના સભ્યોના જીવનમાં જે સકારાત્મક પરિવર્તન આવ્યું છે તે છેલ્લાં ૧૦ વર્ષમાં ભારત સરકારની સૌથી મોટી ઉપલબ્ધિ અને સૌથી મોટી સંપત્તિ છે. ગરીબો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓના જીવનધોરણમાં સુધારો કરવા અને દરેક નીતિ અને દરેક નિર્ણય દ્વારા તેમને સશક્ત બનાવવા માટે સંકલ્પબદ્ધ સરકાર દ્વારા કરવામાં આવેલા નિષ્ઠાવાન પ્રયાસોનાં સાર્થક પરિણામો આપણી સામે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા કાયમી મકાનો, બધા માટે વીજળી, પાણી અને ગેસની યોગ્ય વ્યવસ્થા, આયુષ્માન ભારત યોજના દ્વારા સારવારની વ્યવસ્થા, ખેડૂત ભાઈઓ અને બહેનોને આર્થિક મદદ, માતૃ વંદના યોજના દ્વારા માતાઓ અને બહેનોને મદદ વગેરે જેવા ઘણા પ્રયાસો મેં કર્યા છે. તમારો વિશ્વાસ મારી સાથે હતો એટલા માટે જ સફળ થઈ શક્યો.

જ્યારે ભારત, વિકાસ અને વારસા સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે છેલ્લા એક દાયકામાં આંતરમાળખાના અભૂતપૂર્વ નિર્માણનું સાક્ષી બન્યું છે, ત્યારે આપણને આપણા સમૃદ્ધ, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય વારસાના પુનરુત્થાનના સાક્ષી બનવાનું સન્માન પણ મળ્યું છે. આજે દરેક દેશવાસીને ગૌરવ છે કે દેશ તેની સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાને જાળવીને આગળ વધી રહ્યો છે.

તમારા વિશ્વાસ અને સમર્થનને કારણે જ GSTનો અમલ, કલમ 370 નાબૂદી, ટ્રિપલ તલાક પર નવો કાયદો, સંસદમાં મહિલાઓ માટે નારીશક્તિ વંદન કાયદો, નવી સંસદ ભવનનું નિર્માણ, અમે આતંકવાદ અને નક્સલવાદ પર આકરા પ્રહાર જેવા અનેક ઐતિહાસિક અને મોટા નિર્ણયો લેવાનું ચૂક્યા નથી.


લોકશાહીની સુંદરતા જનભાગીદારી અને જનસહકારમાં રહેલી છે. દેશના કલ્યાણ માટેના મોટા નિર્ણયો લેવા, મોટી યોજનાઓ બનાવવી અને તેને સરળતાથી અમલમાં મૂકવાની શક્તિ અને ઊર્જા તમારા વિશ્વાસ અને સમર્થનને કારણે જ મળે છે. વિકસિત ભારતના નિર્માણ માટે દેશ જે સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે તેને પૂર્ણ કરવા માટે મને તમારા વિચારો, સૂચનો, સમર્થન અને સહકારની જરૂર છે. મને વિશ્વાસ છે કે તમારા આશીર્વાદ અને સમર્થન મળતાં રહેશે. રાષ્ટ્રનિર્માણ માટેના પ્રયત્નો થાક્યા વિના અને અટક્યા વિના ચાલુ રહેશે, આ મોદીની ગેરંટી છે.

તમારા ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ સાથે.

આપનો

નરેન્દ્ર મોદી

(નરેન્દ્ર મોદી)



## તંત્રીસ્થાનેથી

Year : 42, Issue : 24, Pages : 28

# કોંગ્રેસ શાસન વખતનું બિચારું અને બાપડું ગુજરાત આજે વિશ્વફલક પર ગૌરવભેર ઉન્નત મસ્તકે ઊભું છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પડઘમ વાગી રહ્યા છે. આ સાથે ‘મનોગત’નો આ વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે, જેમાં માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા પ્રત્યેક ક્ષેત્ર અને સમગ્ર સમાજ માટે કરાયેલાં ગુજરાતનાં વિકાસકાર્યો અને લોકકલ્યાણની તમામ વિગતો પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મિત્રો, યાદ કરો કોંગ્રેસની કેન્દ્ર સરકારો ! ગુજરાત સાથે ઓરમાયું વર્તન ! વિકાસ કે સહાયની તો વાત છોડો ગુજરાતના તે વખતના મુખ્યમંત્રીઓને પ્રધાનમંત્રીને મળવા માટે દિવસો સુધી દિલ્હીમાં પડ્યું રહેવું પડતું અને છતાં ખાલી હાથે પાછા ફરવું પડતું ! સરદાર પટેલ ગુજરાતના હતા માટે આખા કોંગ્રેસ ખાનદાને ગુજરાતને સતત પારકુ જ ગણ્યું હતું ! જેની સામે આજે – ગુજરાત તો શિરમોર છે. મોસાળમાં જમણ અને મા જ પીરસનાર જેવી સ્થિતિ છે. જે નર્મદાબંધને નડવામાં કોંગ્રેસે એક તક નહોતી છોડી એ નર્મદાનાં પાણી શ્રી નરેન્દ્રભાઈના પ્રધાનમંત્રી બનવાના ૧૭મા દિવસે જ બંધના દરવાજાની મંજૂરીથી ગામે-ગામ પહોંચ્યાં. તમામ ક્ષેત્ર અને દિશામાં કેન્દ્ર સરકારની બધી ગેરંટીઓ પૂર્ણ થઈ છે.

આપણે સૌ એ બાબતમાં નસીબદાર રહ્યા છીએ કે દિલ્હીમાં બેસીને કે વિશ્વની ગતિવિધિઓની વચ્ચે પણ આપણા નરેન્દ્રભાઈના દિલમાં ધડકે છે તો ગુજરાત જ. અને માટે જ ૧૦ વર્ષમાં ગુજરાતમાં કેન્દ્રના સીધા માર્ગદર્શન હેઠળ ભાજપની ડબલ એન્જિન સરકારે ગુજરાતને વિકસિત ગુજરાતની કગાર પર લાવીને આજે શ્રેષ્ઠતમ સ્થિતિએ લાવી દીધું છે. કોંગ્રેસ શાસન વખતનું બિચારું અને બાપડું ગુજરાત આજે વિશ્વફલક પર ગૌરવભેર ઉન્નત મસ્તકે ઊભું છે.

૬ એપ્રિલે આપણા ભાજપનો સ્થાપના દિન છે ત્યારે આવો, એક કાર્યકર્તા તરીકેના આપણા કર્મને સાકાર કરવા આવનારી લોકસભાની ચૂંટણીમાં આપણા પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર એવા શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં મોદી સરકાર - ૪૦૦ પારના સંકલ્પને પૂર્ણ કરવા કટિબદ્ધ બનીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
**E-mail : manogat.1980@gmail.com**

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., ‘ઑફસેટ હાઉસ’ સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, ‘Offset House’, Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





## આવો, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારના માધ્યમથી ગુજરાતને વિકસિત ગુજરાત બનાવવાના અભૂતપૂર્વ પ્રયાસોનો વિગતવાર અભ્યાસ કરીએ



- ૨૦૧૪માં પ્રથમ વખત પ્રધાનમંત્રી પદે શપથ બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ માત્ર ૧૭ દિવસમાં નર્મદા ડેમની ઊંચાઈ વધારવાની મંજૂરી આપી અને તરસ્યું ગુજરાત બન્યું પાણીદાર ગુજરાત.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે પાછલાં દસ વર્ષમાં ગુજરાતમાં ૬૬ હજાર ૪૭૦ કરોડ રૂપિયાના ૩૮૯૨ કિલોમીટરના ૧૯૯ જેટલા પ્રોજેક્ટ મંજૂર કર્યા.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ગુજરાતને ૧,૦૯,૭૫૯ કરોડ રૂપિયાના બે નવા પ્રોજેક્ટની ભેટ આપીને ધંધા રોજગારને પરિવહન સરળતા અર્પણ કરીને ઝડપ બક્ષી.
- નેશનલ હાઈવે નંબર-૫૮ પર ધરોઈ ડેમ પાસે સાબરમતી નદી પર નવો ફોર લેન બ્રિજ બન્યો.
- ગુજરાત રાજ્યના નેશનલ હાઈવે નંબર-૫૮ના ખોખરા રાજસ્થાન સરહદથી વિજયનગર-આંતરસૂબા-માથાસુર ચોકડી રસ્તાના પેવ્ડ શોલ્ડર સાથે ટુ લેન.







- ધરોઈ ડેમને વૈશ્વિક સ્તરના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને પ્રોજેક્ટ. આ પુલે ધરોઈને આસપાસના તારંગા, પોળો ફોરેસ્ટ, અંબાજી જેવા પ્રવાસન-યાત્રાધામને જોડવાનું કામ કર્યું.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદઢ બનાવવાની દિશામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૮ પર ધરોઈ ડેમ પાસે સાબરમતી નદી પર નવો ફોર લેન બ્રિજ અને નેશનલ હાઈવે નંબર-૫૮ના ખોખરા રાજસ્થાન સરહદથી વિજયનગર-આંતરસૂબા-માથાસુર ચોકડી રસ્તાના પેવ્ડ શોલ્ડર સાથે ટુ લેન કામગીરી માટે કેન્દ્ર સરકારના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા ૧૦૯૭.૫૯ કરોડ રૂપિયા મંજૂર કરેલ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં દેશમાં એક સાથે ૧૯ રાજ્યોમાં, ૯૭ હજાર ૩૨૮ કરોડ રૂપિયાના રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનાં વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં, જેમાં ગુજરાતને વિશેષ લાભ એટલે કે ૧ હજાર ૫૭૫ કરોડ રૂપિયાના ૫૩ કિલોમીટરનાં ત્રણ કામોની ભેટ મળી.
- ઉત્તર ગુજરાતના જિલ્લાઓના માર્ગવિકાસ અને રાજસ્થાન સાથે જોડતા નેશનલ હાઈવેના વધુ બે પ્રોજેક્ટના ૧૦૯૭.૫૯ કરોડ રૂપિયાનાં કામોને મંજૂરી.





## ગરીબ કલ્યાણ - કલ્યાણકારી યોજનાઓ



- પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજના
- કોરોના મહામારી દરમિયાન આર્થિક રીતે સૌથી વધુ અસરગ્રસ્ત શહેરી શેરી ફેરિયાઓ પોતાની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તેવા ઉમદા ઉદ્દેશ્યથી શેરી ફેરિયાઓને લોન આપવા માટે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજના શરૂ કરવામાં આવી હતી.
- આ યોજના હેઠળ ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં અત્યાર સુધીમાં કુલ 4,37,691 લાખ શેરી ફેરિયાઓને ₹773.08 કરોડની લોન આપવામાં આવી છે.

## પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

- વર્ષ 2020માં કોરોના મહામારી દરમિયાન ગરીબ વર્ગના લોકોને રાહત પૂરી પાડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી હતી.







- આ યોજના હેઠળ દેશના ગરીબ પરિવારોને દર મહિને પાંચ કિલોગ્રામ અનાજ નિઃશુલ્ક આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ દર મહિને યોજનાની શરૂઆતથી ગુજરાતના 3.55 કરોડ લોકોને મફત અનાજ આપવામાં આવ્યું છે.
- અત્યાર સુધીમાં આ યોજના હેઠળ ગુજરાતમાં લગભગ ₹12,420 કરોડના બજારમૂલ્યના લગભગ 25 લાખ મેટ્રિક ટન ઘઉં અને લગભગ 21 લાખ મેટ્રિક ટન ચોખા, એટલે કે કુલ મળીને લગભગ 46 લાખ મેટ્રિક ટન અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોસાય તેવી કિંમતોએ પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવાના હેતુથી વર્ષ 2015માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કર્યો હતો.



- છેલ્લાં 9 વર્ષોમાં આ યોજના હેઠળ દેશના લાખો પરિવારોને પોતાના સપનાનું ઘર મળ્યું છે, ત્યારે ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી અને ગ્રામીણ) હેઠળ 13 લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે.





## પ્રધાનમંત્રી જન ધન યોજના



- દેશના તમામ લોકોના નાણાકીય સમાવેશ માટે, એટલે કે તમામને મૂળભૂત નાણાકીય સેવાઓ જેવી કે બેંક ખાતાં, ઉધાર, ચુકવણીઓ, બચત અને થાપણો, ક્રેડિટ, વીમા અને પેન્શન વગેરે સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશ્યથી ભારત સરકારે વર્ષ 2014માં પ્રધાનમંત્રી જન ધન યોજના શરૂ કરી હતી.
- આ યોજના અંતર્ગત ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારોમાં 1,11,58,747 અને શહેરી વિસ્તારોમાં 72,77,773 મળીને કુલ 1,84,36,520 જન ધન ખાતાંઓ ખોલવામાં આવ્યાં છે.

## પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના

- અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો આર્થિક રીતે સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મે, 2015માં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના શરૂ કરી હતી.



- આ યોજનાઓ અનિશ્ચિતતાઓ સામે માનવજીવનને સુરક્ષિત કરે છે, અને નાગરિકોની નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવાની ખાતરી આપે છે.
- પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ અકસ્માતને કારણે થતા મૃત્યુ અથવા આજીવન વિકલાંગતા માટે





વીમા કવરેજ આપવામાં આવે છે, જ્યારે પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ કોઈપણ કારણસર થતા મૃત્યુ માટે વીમા કવરેજ આપવામાં આવે છે.

- ગુજરાતમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત કુલ 1,68,89,613 રજિસ્ટ્રેશન કરવામાં આવ્યાં છે અને લગભગ 5694 દાવાઓ દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી 4436 દાવાઓ માટે ચુકવણી કરવામાં આવી છે, એટલે કે 85.72% દાવાઓનું સેટલમેન્ટ કરવામાં આવ્યું છે.



- પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના અંતર્ગત ગુજરાતમાં કુલ 75,24,947 રજિસ્ટ્રેશન કરવામાં આવ્યાં છે અને લગભગ 45,100 દાવાઓ દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી 42,975 દાવાઓ માટે ચુકવણી કરવામાં આવી છે, એટલે કે 96.19% દાવાઓનું સેટલમેન્ટ કરવામાં આવ્યું છે.

## અટલ પેન્શન યોજના

- અસંગઠિત ક્ષેત્રના નિવૃત્ત થયેલા કર્મચારીઓને તેમની વૃદ્ધાવસ્થામાં આર્થિક અને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા અને વૃદ્ધાવસ્થા સાથે સંકળાયેલાં જોખમો સામે રક્ષણ આપવાના ઉદ્દેશ્યથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મે, 2015માં અટલ પેન્શન યોજના શરૂ કરી હતી. ગુજરાતમાં આ યોજના હેઠળ 23,35,204 લોકોની નોંધણી કરવામાં આવી છે.







## પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના



- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કારીગરો અને કસબીઓ જેઓ પોતાનો વંશ પરંપરાગત વ્યવસાય ચલાવીને ગુજરાન મેળવે છે, જેવા કે કડિયા, સુથાર, લુહાર, વાળંદ, કુંભાર, સોની વગેરેને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વકર્મા તરીકે ઓળખાવ્યા છે, અને આ વિશ્વકર્માઓને યોગ્ય તાલીમ આપીને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે વડાપ્રધાનશ્રીએ પોતાના ગત જન્મદિવસે એટલે કે 17 સપ્ટેમ્બર, 2023ના રોજ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાની શરૂઆત કરી હતી.
- ગુજરાતમાં પીએમ વિશ્વકર્મા યોજના અંતર્ગત અત્યાર સુધીમાં 4 લાખથી વધુ લોકોનું તાલીમ માટે રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

## આરોગ્ય અને સ્વાસ્થ્ય સંભાળ

- આયુષ્યમાન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)
- દેશભરના ગરીબો અને વંચિતોને ગંભીર રોગોમાં વિનામૂલ્યે સારવાર પ્રદાન કરવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જાહેર કરી હતી.
- આજે આ યોજના ભારતના 50 કરોડ જેટલા ગરીબ લોકોની આરોગ્ય સુરક્ષાને આવરી લેતી વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના છે.





- આ યોજના હેઠળ લાભાર્થીઓને પ્રતિ વર્ષ ₹5 લાખ સુધીની સ્વાસ્થ્ય સેવાઓ વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવે છે.



- ગુજરાતે ગત વર્ષે આ યોજનામાં એક ડગલું આગળ વધીને આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળની લાભમર્યાદા ₹5 લાખથી વધારીને ₹10 લાખ કરી છે.
- ગુજરાત સરકારના જન આરોગ્ય સુરક્ષા કવચને લઈને આ સૌથી મોટું પગલું છે, જે હેઠળ આયુષ્માન કાર્ડ ધરાવતો દરેક પરિવાર ગુજરાત ઉપરાંત દેશના કોઈપણ ખૂણે આવેલી હોસ્પિટલ, જો એ હોસ્પિટલ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ એમ્પેનલ્ડ હોય, તો તેમાં ₹10 લાખ સુધી નિઃશુલ્ક ઇલાજ કરાવી શકે છે.
- ગુજરાતમાં આ યોજનાને રાજ્ય સરકારની મુખ્યમંત્રી અમૃતમ્ યોજના સાથે સંકલિત કરવામાં આવી છે, જેને સંયુક્ત રીતે PMJAY-MA તરીકે ઓળખવામાં આવે છે. રાજ્યમાં PMJAY-MA હેઠળ અત્યાર સુધીમાં કુલ 2,38,67,625 કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યાં છે.

## રાજકોટ AIIMS

- રાજકોટ અને સૌરાષ્ટ્ર વિસ્તાર સહિત સમગ્ર ગુજરાતની જનતાને ઉચ્ચ સ્તરીય આરોગ્ય સુવિધાઓ અને અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ પ્રદાન કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં 25 ફેબ્રુઆરીના રોજ રાજકોટ ખાતે ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (AIIMS)નું લોકાર્પણ કર્યું છે.





- રાજકોટ AIIMSનું નિર્માણ અંદાજિત ₹1195 કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે, જેમાં ટાવર A&B હોસ્પિટલ બ્લોકમાં 250 બેડ્સની ક્ષમતાવાળી IPD સેવાઓ, 500 લોકોને સમાવી શકવાની ક્ષમતા ધરાવતા ડાઇનિંગ હોલ સાથેની અંડર ગ્રેજ્યુએટ બોય્ઝ અને ગર્લ્સ હોસ્ટેલ, 66 કેવી કંટ્રોલ ગ્રીડ સબસ્ટેશન, શોપિંગ કોમ્પ્લેક્સ, 14 વિભાગો હેઠળની ઓપીડી સેવાઓ વગેરે જેવી વિવિધ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- અત્યાર સુધીમાં રાજકોટ એઇમ્સમાં 1 લાખ 44 હજાર દર્દીઓએ ઓ.પી.ડી. સેવાઓનો લાભ લીધો છે.

## જામનગરમાં વિશ્વનું પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન

- મે, 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગુજરાતના જામનગરમાં વિશ્વના પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન (GCTM)નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ અને WHOના ડાયરેક્ટર જનરલ ડૉ. ટેડ્રોસ ઘેબ્રેયસસ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## પીએમ ભારતીય જનઔષધિ પરિયોજના

- ગરીબો અને મધ્યમ વર્ગને સારું આરોગ્ય અને સસ્તી દવાઓ મળી રહે તેવા ઉદ્દેશ્યથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ પરિયોજના શરૂ કરવામાં આવી હતી.
- ગુજરાતમાં આ યોજના હેઠળ 237 જનઔષધિ સ્ટોર્સ કાર્યરત છે, જેનાથી રાજ્યના ગરીબો અને મધ્યમ વર્ગના લોકોને પોસાય તેવા દરોએ ઉચ્ચ ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ થઈ રહી છે.





## ગુજરાતના પાંચ જિલ્લાઓને મેડિકલ કોલેજની ભેટ

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે ગત વર્ષે ગુજરાતના પાંચ જિલ્લાઓ નવસારી, નર્મદા, પંચમહાલ, મોરબી અને પોરબંદર ખાતે રૂ.2250 કરોડના ખર્ચે નવી સરકારી મેડિકલ કોલેજની ભેટ આપી છે. પ્રત્યેક મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે 100 સીટ્સ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## કિસાન કલ્યાણ - અન્નદાતા

- **કિસાન સમ્માન નિધિ યોજના**



- દેશના તમામ ખેડૂત પરિવારોને આર્થિક મદદ પૂરી પાડવાના હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાન સમ્માન નિધિ યોજનાની શરૂઆત કરી હતી, જે હેઠળ દરેક લાભાર્થી ખેડૂત પરિવારને ત્રણ સમાન હપ્તામાં દર વર્ષે ₹6000 આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગુજરાતમાં 64.13 લાખ ખેડૂત પરિવારોને 15,407.82 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

- **પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓ (PACS)**

- નાના ખેડૂતોને સરળતાથી ધિરાણ મળી રહે તે માટે સહકારથી સમૃદ્ધિના મંત્ર સાથે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓ (PACS) બનાવવામાં આવી છે. રાજ્યમાં લગભગ 5754 PACSના કમ્પ્યુટીકરણનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે.





## ઈ-નામ



ગુજરાતમાં ઈ-નામ પ્લેટફોર્મ પર અત્યાર સુધીમાં 8,69,689 ખેડૂતો, 10,139 વેપારીઓ, 7156 કમિશન એજન્ટ્સ અને 341 FPOનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. ઈ-નામ હેઠળ અત્યાર સુધીમાં ખેડૂતોના ખાતામાં ₹1170.86 લાખની ઓનલાઇન ચુકવણી કરાઈ છે.

## કિસાન ક્રેડિટ કાર્ડ (KCC)

પશુપાલકો અને માછીમારોને પણ કૃષિ ક્ષેત્રની જેમ સરળતાથી ધિરાણ મળી રહે તે માટે કિસાન ક્રેડિટ કાર્ડ આપવાની શરૂઆત થઈ. ગુજરાતમાં 13,159 માછીમારોને અને 1,23,225 પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) આપવામાં આવ્યાં છે.

# નારી સશક્તીકરણ

## નારીશક્તિ વંદના અધિનિયમ



નવી સંસદના પહેલા જ દિવસે ઐતિહાસિક નારીશક્તિ વંદન એક્ટ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા મહિલા સશક્તીકરણ માટે આ મહત્ત્વપૂર્ણ પગલું છે. આ બિલ અનુસાર 33 ટકા સીટો મહિલાઓ માટે આરક્ષિત રહેશે. આ બિલ પાસ થયા બાદ લોકસભામાં મહિલાઓ માટે 181 સીટો અનામત છે.





## ટ્રિપલ તલાક

- મહિલાઓના સશક્તીકરણ અને મહિલાઓના અધિકારોની રક્ષા માટે સરકાર સમર્પિત છે. ટ્રીપલ તલાક પર પાબંદી એ આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે.
- દેશમાં હવે ટ્રિપલ તલાક એટલે કે એકસાથે ત્રણ વખત 'તલાક' શબ્દ બોલીને પત્નીને છૂટાછેડા આપવા એક અપરાધ છે. ત્રિપલ તલાક આપવા એ હવે બિનજામીનપાત્ર અને ગંભીર અપરાધ બની ગયો છે.
- હવે મુસ્લિમ મહિલાઓ ત્રિપલ તલાક વિરુદ્ધ સશક્ત બની છે અને પીડિત મહિલા પોતાના અને પોતાના સગીર વયના બાળકો માટે કોર્ટમાં ભરણ-પોષણનો દાવો કરી શકે છે. મહિલા પોતાનાં સગીર વયનાં બાળકોની કસ્ટડી માટે પણ કોર્ટનો દરવાજો ખટખટાવી શકે છે.

## 6 મહિનાની મેટરનિટી લીવ

- કામકાજી મહિલાઓને માતૃત્વનો સંપૂર્ણ આનંદ મળે તે માટે 90 દિવસની મેટરનિટી લીવ વધારીને 180 દિવસની કરવામાં આવી.

## મુદ્રા યોજના હેઠળ 70 ટકા મહિલાઓને લોન

- મહિલાઓના નાણાકીય સશક્તીકરણને પ્રોત્સાહન આપવા માટે અને મહિલાઓમાં રહેલી ઉદ્યમીતાને મુદ્રા યોજનાથી ખૂબ મોટું બળ મળ્યું છે. 70 ટકા જેટલી મહિલાઓ બ્યુટી પાર્લર, ગૃહઉદ્યોગ અને સીવણ જેવા અન્ય નાના ઉદ્યોગો શરૂ કરીને પરિવારનો ટેકો બની ચૂકી છે.







- મિશન ઇંદ્રધનુષ હેઠળ ગર્ભવતી મહિલાઓનું રસીકરણ
- બે વર્ષ સુધીની ઉંમરનાં તમામ બાળકો તેમજ તમામ સગર્ભા મહિલાઓને જીવલેણ રોગો સામે રક્ષણ આપતી રસીઓનો લાભ સમગ્ર દેશમાં પૂરો પાડવાનું આ વિશેષ અભિયાન છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ મિશન ઇન્દ્રધનુષ શરૂ કર્યું હતું જે આંશિક રીતે અને રસીકરણ વિનાની સગર્ભા મહિલાઓ અને બાળકોને ઓછા રોગપ્રતિકારક કવરેજ, ઉચ્ચ જોખમવાળા અને પહોંચવા માટે મુશ્કેલ વિસ્તારોમાં આવરી લે છે અને તેમને રસીથી અટકાવી શકાય તેવા રોગોથી રક્ષણ આપે છે.



- **પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના**
- કેન્દ્ર સરકાર દ્વારા PM ઉજ્જ્વલા યોજના શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એવા તમામ પરિવારોને મફત ગેસ કનેક્શનની સુવિધા આપવાનો છે જેમની આર્થિક સ્થિતિ સારી નથી, જેના કારણે તેઓ ગેસ કનેક્શન લઈ શકતા નથી.
- મહિલાઓને સ્ટવમાં લાકડી કે છાણાની મદદથી રસોઈ બનાવવી પડે છે અને તેના હાનિકારક ધુમાડાને કારણે તેમને શ્વાસ સંબંધી અનેક બીમારીઓ થવાનો ખતરો રહે છે, તેની સાથે પર્યાવરણ પણ પ્રદૂષિત થાય છે. આ પરિસ્થિતિને સુધારવા માટે પીએમ ઉજ્જ્વલા યોજના શરૂ કરવામાં આવી. સરકાર આ યોજના હેઠળ મહિલાઓને એલપીજી સિલિન્ડર તથા ગેસની સુવિધા પૂરી પાડે છે. આ યોજના હેઠળ 37 લાખ પરિવારોને લાભ મળ્યો છે.
- શૌચાલયોના નિર્માણથી મહિલાઓને ખુલ્લામાં શૌચથી મુક્તિ.





- ખુલ્લામાં શૌચ માટે જવાથી ઘરની મહિલાઓ શરમ, સંકોચ અને અસલામતીનો અનુભવ કરે છે, તેમાંથી મહિલાઓને મુક્તિ મળે, ખુલ્લામાં થતી શૌચક્રિયાને અટકાવવા અને શૌચાલય બનાવવા માટે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયો બનાવવામાં આવ્યાં.




## યુવા વિકાસ

- **ખેલો ઈન્ડિયા ગેમ્સનું આયોજન**
- રમતગમતના પાયાના સ્તરે વિકાસને પ્રોત્સાહન આપવાની અને રમતગમતની પ્રતિભાઓને ખીલવવાની કેન્દ્ર સરકારની કટિબદ્ધતાને પરિણામે ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સનો પ્રારંભ થયો હતો.
- ખેલો ઇન્ડિયા જેવાં અભિયાનો ગ્રામીણ, ગરીબ, આદિવાસી અને નિમ્ન-મધ્યમ વર્ગનાં કુટુંબોના યુવાનોનાં સ્વપ્નોને સાકાર કરી રહ્યાં છે. ખેલો ઇન્ડિયા અંતર્ગત ઊભી થયેલી રમતગમતની માળખાગત સુવિધાઓ રોજગારીનો મોટો સ્રોત બની રહી છે.
- **ગુજરાતમાં નેશનલ ગેમ્સનું આયોજન**
- ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના અમદાવાદમાં સ્થિત નરેન્દ્રભાઈ મોદી સ્ટેડિયમમાં 36મી નેશનલ ગેમ્સનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર રમત-ગમત ક્ષેત્રે આટલા મોટા પાયે કોઈ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે 3 મહિનાથી પણ ઓછા સમયમાં નેશનલ ગેમ્સ માટેની તૈયારીઓ પૂર્ણ કરી હતી.





## સ્ટાર્ટઅપ ઈન્ડિયા



- યુવાનો જોબ સીકર નહિ જોબ ગીવર બને, યુવાનોના ઇનોવેશનને પાંખો મળે અને દેશમાં વૈશ્વિક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસિત થાય તેવા હેતુ સાથે સ્ટાર્ટઅપ ઇન્ડિયા પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. ગુજરાત દેશમાં સ્ટાર્ટઅપમાં બેસ્ટ પર્ફોર્મર સ્ટેટ છે અને રાજ્યમાં અંદાજિત 13000 જેટલાં સ્ટાર્ટઅપ કાર્યરત છે.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના



- મુદ્રા યોજનાએ કરોડો નાગરિકોને ઉદ્યોગસાહસિકો બનવા સક્ષમ બનાવ્યા છે અને એટલે તેઓ અન્ય લોકો માટે પણ રોજગારીદાતાઓ બન્યા છે.
- મુદ્રા યોજનાએ સ્વરોજગારી માટે, વ્યવસાયો માટે અને આપણા દેશની યુવા પેઢી માટે ઉદ્યોગસાહસો શરૂ કરવા માટેની તકો પ્રદાન કરી છે.
- ગુજરાતમાં પીએમ મુદ્રા યોજના હેઠળ 2 ફેબ્રુઆરી, 2024 સુધીમાં ₹1,00,419.38 કરોડની રકમની ચુકવણી કરવામાં આવી છે.





## નવી એજ્યુકેશન પોલિસી

- ભારતમાં વિદ્યાર્થીઓને શિક્ષિત કરવા, પ્રોત્સાહિત કરવા અને જ્ઞાન આપવાના ઉદ્દેશ્ય સાથે રજૂ કરવામાં આવી હતી. સરકારનું લક્ષ્ય દેશના વિદ્યાર્થીઓમાં 21મી સદીનાં કૌશલ્યો વિકસાવવાનું હતું.
- NEP એ સંશોધન, નવીનતા અને ગુણવત્તા પર ધ્યાન કેન્દ્રિત કરીને અગાઉની શિક્ષણનીતિથી નોંધપાત્ર ફેરફારો કર્યા છે.
- **સ્કિલ ઈન્ડિયા હેઠળ- સ્કિલ ડેવલપમેન્ટ**
- દેશના મહેનતકશ યુવાનોને કૌશલ મળે અને તેઓ આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે યુવાનોને સ્કિલ પ્રદાન કરવાના હેતુથી સ્કિલ ઇન્ડિયા મિશન શરૂ કરવામાં આવ્યું હતું, જે હેઠળ વર્ષ 2019 સુધી લગભગ 19 લાખ યુવાનોને તાલીમ આપવામાં આવી હતી, અને રાજ્યમાં 500 કૌશલ્ય વિકાસકેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. કોરોના મહામારી પછી આ યોજનાને નવું ફોર્મેટ આપીને વધુ સક્ષમ યોજના (KVK 2.0) શરૂ કરવામાં આવી છે, જે હેઠળ અત્યાર સુધીમાં 1347 યુવાનોને તાલીમ આપવામાં આવી છે.

## સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ

- યુવાનોને જે તે ક્ષેત્રનું ગુણવત્તાયુક્ત અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ મળી રહે તે માટે **રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, નેશનલ રેલવે યુનિવર્સિટી, નેશનલ લૉ યુનિવર્સિટી** વગેરે જેવી સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે. ગુજરાત પહેલેથી જ સેક્ટર સ્પેસિફિક એજ્યુકેશનનું કેન્દ્ર રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સપ્ટેમ્બર 2018માં ગુજરાતના **વડોદરા શહેરને દેશની પ્રથમ રેલવે અને પરિવહન યુનિવર્સિટી** (નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઇન્સ્ટિટ્યૂટ)ની ભેટ આપી.





## ઈન્ડસ્ટ્રીઝ

- ટેક્સ્ટાઇલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકારે ₹ 4445 કરોડની પીએમ મિત્ર મેગા ટેક્સ્ટાઇલ પાર્ક યોજનાને મંજૂરી આપી છે, જે હેઠળ ગુજરાત સહિત સાત રાજ્યોમાં આ ટેક્સ્ટાઇલ પાર્ક સ્થાપવામાં આવશે.
- આ પ્રોજેક્ટની સૌથી ખાસ વાત એ છે કે તેમાં ટેક્સ્ટાઇલ – ફેબ્રિકની તમામ કામગીરી એક જ જગ્યાએ હશે. સરકારના આ મેગા ઇન્ટિગ્રેટેડ ટેક્સ્ટાઈલ પાર્કમાંથી કપડાંના ઉત્પાદનથી લઈને તેનું માર્કેટિંગ, ડિઝાઇનિંગ અને નિકાસ બધું એક જ જગ્યાએથી શક્ય બનશે.
- ગુજરાતમાં નવસારીના વાંસી-બોરસીમાં અદ્યતન સુવિધા સાથે ટેક્સ્ટાઇલ પાર્કનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ટ્રાઈબલ પાર્ક

- ઓક્ટોબર 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 4 ટ્રાઇબલ પાર્કનું ભૂમિપૂજન કર્યું હતું. આદિવાસી સમાજના યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે આ પાર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

## બલ્ક ડ્રગ પાર્ક

- ઓક્ટોબર 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ભરૂચ ખાતે ₹2500 કરોડથી વધુના ખર્ચે તૈયાર થનારા રાજ્યના પ્રથમ સર્વ સુવિધાયુક્ત બલ્ક ડ્રગપાર્કનું ખાતમુહૂર્ત કર્યું હતું.
- આ બલ્ક ડ્રગ પાર્ક ઉપરાંત, 4 ટ્રાઇબલ પાર્ક, 1 એગ્રો પાર્ક, 1 સી-ફૂડ પાર્ક, 1 MSME પાર્ક અને 2 બહુ-સ્તરીય ઔદ્યોગિક શેડનું ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું.





- **ભાવનગરમાં સીએનજી ટર્મિનલ**
- ઓક્ટોબર, 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનો શિલાન્યાસ કર્યો. આ બંદર ₹4024 કરોડના ખર્ચે વિકસાવવામાં આવશે અને તેમાં વિશ્વના પ્રથમ CNG ટર્મિનલ માટે અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સાથે વિશ્વની ચોથી સૌથી મોટી લોક ગેટ સિસ્ટમ હશે.
- સીએનજી ટર્મિનલ ઉપરાંત આ પોર્ટ ભાવનગર જિલ્લાની ભાવિ જરૂરિયાતો અને આગામી પ્રોજેક્ટસ જેમ કે વાહન સ્ક્રેપિંગ, કન્ટેનર ઉત્પાદન, અન્ય મેગા પ્રોજેક્ટ્સ અને ખાસ કરીને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન માટેની જરૂરિયાતોને પણ પૂરી કરશે.

## ઇન્ફ્રાસ્ટ્રક્ચર



- સુદર્શન સેતુનું ₹979 કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે. 2.3 કિમી લાંબા આ બ્રિજની સાથે-સાથે 2.45 કિમીના એપ્રોચ રોડ તથા પાર્કિંગની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે. તેના કારણે હવે દ્વારકાથી બેટ દ્વારકા સરળતાથી પહોંચી શકાશે.
- જામનગર-ભટિંડા હાઈવે- પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતથી પસાર થનારા અમૃતસર-જામનગર એક્સપ્રેસ વેની કુલ લંબાઈ 1316 કિમી છે. આ એક્સપ્રેસ વે વ્યૂહાત્મક દષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે, કારણ





કે તે ભટિંડા, બાડમેર અને જામનગરની ત્રણ મોટી રિફાઇનરીઓને જોડે છે. તે ગુરૂ નાનક દેવ થર્મલ પ્લાન્ટ (ભટિંડા) અને સુરતગઢ સુપર થર્મલ પાવર પ્લાન્ટને પણ જોડે છે.

- સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડવા માટે રાજપીપળાથી દેવલાલિયાના 24 કિમી હાઈવેનું નિર્માણકાર્ય પૂર્ણ
- વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વેના ₹10,072 કરોડના ખર્ચે બનેલા ત્રણ ફેઝનું લોકાર્પણ
- સાંચોર-સાંતલપુરનો નેશનલ હાઈવે
- પોરબંદર-દ્વારકાનો 118 કિમીનો નેશનલ હાઈવે
- 6.75 કિમીનો નર્મદા પુલ

## રેલવે પ્રોજેક્ટ્સ

- દેશનો સૌપ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ગુજરાતમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ગુજરાતનું અમદાવાદ તથા મહારાષ્ટ્રનું મુંબઈ, એવાં પહેલાં શહેરો હશે, જે ઝડપી ગતિની આ બુલેટ ટ્રેનના પ્રત્યક્ષ સાક્ષી બનશે.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચવા માટે વિશિષ્ટ વિસ્ટા ડોમ ટ્રેનની શરૂઆત કરવામાં આવી.
- ગુજરાતને ત્રણ વંદે ભારત સેમી હાઇસ્પીડ ટ્રેનની ભેટ, 1) અમદાવાદ-જામનગર, 2) ગાંધીનગર - મુંબઈ, 3) અમદાવાદ-રાજકોટ







- જુલાઈ-2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા તારંગા હિલથી અંબાજી-આબુ રોડના 116.65 કિમી લાંબા રેલવે લાઇન પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી. આ લાઇન તૈયાર થઈ જશે પછી શ્રદ્ધાળુઓ સરળતાથી પોતાના ધર્મસ્થાન પર પહોંચી શકશે.



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને અમદાવાદ મેટ્રો તથા સુરત મેટ્રો પ્રોજેક્ટ્સની ભેટ આપી.
- માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ₹10,770 કરોડના ખર્ચે અમદાવાદ મેટ્રોનો ફેઝ-1 શરૂ કરવામાં આવ્યો છે.
- અમૃત ભારત રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ યોજના હેઠળ ગુજરાતનાં 89 રેલવે સ્ટેશનોનું નવનિર્માણ કરવામાં આવશે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય રેલવે દ્વારા દાહોદની વર્કશોપમાં લગભગ ₹20 હજાર કરોડના ખર્ચે નિર્માણ થનારા નવ હજાર હોર્સપાવરના ઇલેક્ટ્રિક લોકોમોટિવ મશીન ઉત્પાદન એકમનું ખાતમુહૂર્ત કર્યું.

## એરપોર્ટ્સ

- ડીસામાં ₹394 કરોડના ખર્ચે એરફોર્સ સ્ટેશનના રનવેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ₹1405 કરોડના ખર્ચે રાજકોટમાં હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ થયું, જેને માનનીય વડાપ્રધાનશ્રીએ રાષ્ટ્રને સમર્પિત કર્યું.





- સુરત એરપોર્ટ બન્યું ગુજરાતનું ત્રીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ. ₹3400 કરોડના ખર્ચે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત કરવામાં આવ્યું.
- ઉડાન યોજના હેઠળ ગુજરાતમાં ભાવનગર, જામનગર, કંડલા, કેશોદ, મુંદ્રા, પોરબંદર એરપોર્ટ પર કનેક્ટિવિટી વધી છે.

## પાણી અને સિંચાઈ



- અમૃત સરોવર – પાણી બચાવવાની દિશામાં કાર્યવાહી કરવા અંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમૃત સરોવર બનાવવાની અપીલ કરી હતી. ગુજરાતમાં અમૃત સરોવર નિર્માણની 100 ટકાથી વધુ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યમાં 2445ના લક્ષ્યાંક સામે, નવા 2612 અમૃત સરોવરોનું નિર્માણ કરાયું છે.



- રાજ્યમાં હર ઘર જલ હેઠળ 100 ટકા લક્ષ્યાંક પ્રાપ્ત કરી લેવામાં આવ્યો છે. હર ઘર જલ પહોંચે, તે માટે અનેક યોજનાઓ રાજ્ય સરકારે પણ કાર્યરત કરી છે, જેમાં મુખ્યત્વે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લા માટે એસ્ટોલ યોજના, દક્ષિણ ગુજરાતના વિસ્તારો માટે ઉદ્‌વહન સિંચાઈ યોજના, સૌરાષ્ટ્ર માટે સૌની યોજના, ઉત્તર ગુજરાત માટે સુજલામ્ સુફલામ્ યોજના, કચ્છ માટે બ્રાન્ચ કેનાલ યોજનાનો સમાવેશ થાય છે.






## ગ્રામીણ વિકાસ

- 14મા નાણાપંચ (વર્ષ 2015-2020)માં રાજ્યમાં ₹8122.72 કરોડના 5,12,003 કાર્યો કરવામાં આવ્યાં અને 15મા નાણાપંચ (2020-2025) માં ₹15,650 કરોડ ફાળવવામાં આવ્યા છે, જેમાંથી ₹6174 કરોડના 3,16,998 કાર્યો કરવામાં આવ્યાં છે.
- યુપીએ સરકાર પાસેથી મળી રહેલી નાણાપંચની ગ્રાન્ટ મોદી સરકારમાં 14મા નાણાપંચમાં સાડા ચારગણી વધી છે અને 15મા નાણાપંચમાં સાડા આઠગણી વધી છે.

## સ્માર્ટ સિટી



- ભારત સરકાર દ્વારા જૂન-2015માં સ્માર્ટ સિટી મિશનની શરૂઆત કરવામાં આવી હતી, જે અંતર્ગત ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તથા દાહોદ એટલે કે કુલ 6 શહેરોની પસંદગી કરવામાં આવી હતી.
- અમૃત મિશન હેઠળ ગુજરાતનાં શહેરોના વિકાસ માટે છેલ્લાં દસ વર્ષોમાં AMRUT 1.0 હેઠળ ₹1999.97 કરોડ અને AMRUT 2.0 હેઠળ ₹602.73 કરોડ ફાળવવામાં આવ્યા છે.





## ગિફ્ટ સિટી



- દેશનું પ્રથમ ફાઇનાન્સિયલ ટેક સિટી જે વિશ્વની ફાઇનાન્સિયલ ટેક કંપનીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જુલાઈ, 2022માં ગાંધીનગર GIFT સિટી ખાતે દેશના પ્રથમ ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ તેમજ NSC IFSC-SGX કનેક્ટને લોન્ચ કરવામાં આવ્યા હતા. ભારતને સોનાના વૈશ્વિક ટ્રેડિંગ બજારમાં એક પ્રભાવી દેશ તરીકે પ્રસ્થાપિત કરવાની દિશામાં આ IIBX એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે અને ગુજરાતના જ્વેલર્સ માટે આ એક્સચેન્જ અત્યંત મહત્ત્વપૂર્ણ બન્યું છે.
- ગાંધીનગર સ્થિત ફાઇનાન્સિયલ ટેક સિટી GIFT સિટી ખાતે ઓગસ્ટ, 2022માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આંતરરરાષ્ટ્રીય ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી (IFSCA)ના હેડક્વાર્ટરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- ડ્રીમ સિટી : 116.53 કરોડના ખર્ચે સુરતના ડ્રીમ સિટીમાં વિશ્વનું સૌથી મોટું ઓફિસ કોમ્પ્લેક્સ સુરત ડાયમંડ બુર્સ કાર્યરત કરવામાં આવ્યું.
- પોર્ટ્સ : સાગરમાલા યોજના હેઠળ ₹13,602 કરોડનાં કાર્યો પૂર્ણ થયાં છે, જેનાથી પંડિત દીનદયાલ પોર્ટની કાર્યક્ષમતા વધી છે.
- સાગરમાલા યોજના હેઠળ ₹27,811 કરોડનાં વિવિધ વિકાસકાર્યો પ્રગતિ પર છે, જેનાથી રાજ્યનાં બંદરો સુધી રેલ અને રોડ કનેક્ટિવિટી વધશે.
- હજીરા, બેડી અને જખૌ બંદરો સુધી રેલ કનેક્ટિવિટી વધે, તે માટે ₹4253 કરોડનાં કાર્યો પ્રગતિમાં છે.

**( સંકલન : હિરેન કોટક )**



# જે રાષ્ટ્ર તેના વારસાની અવગણના કરે છે તે તેના ભવિષ્યને જોખમમાં મૂકે છે - નરેન્દ્રભાઈ મોદી



મિત્રો, જે રાષ્ટ્ર તેના વારસાની અવગણના કરે છે તે તેના ભવિષ્યને જોખમમાં મૂકે છે. બાપુ સાથે સંકળાયેલ ઐતિહાસિક ધરોહર સાબરમતી આશ્રમ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર માનવતા માટે મહત્ત્વ ધરાવે છે. જો કે, આઝાદી પછી, આ વારસાને તે લાયક ધ્યાન મળ્યું નથી. એક સમયે ૧૨૦ એકરમાં ફેલાયેલો આશ્રમ હવે વિવિધ કારણોસર માત્ર ૫ એકરમાં જ કબજો કરે છે. જે એક સમયે ૬૩ નાના આવાસોનું ઘર હતું તે હવે માત્ર ૩૬ મકાનો ધરાવે છે, જેમાં પ્રવાસીઓને આમાંથી માત્ર ૩ ઘરની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવી છે. સાબરમતી આશ્રમને સાચવવાની તમામ ૧૪૦ કરોડ ભારતીયોની ફરજ છે, જે સંસ્થાએ ઇતિહાસને આકાર આપ્યો છે, જેણે દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં વિશાળ ભૂમિકા ભજવી છે અને વિશ્વભરના મુલાકાતીઓને આકર્ષવાનું ચાલુ રાખ્યું છે.

મિત્રો, ખરેખર, ગુજરાતે દેશમાં વારસાની જાળવણી માટે અનુકરણીય દાખલો બેસાડ્યો છે. સરદાર સાહેબના નેતૃત્વમાં સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે. ગુજરાત આવી અનેક હેરિટેજ સાઇટ્સનું ઘર છે, જેમાં અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે ઓળખવામાં આવ્યું છે. રાની કી વાવ, ચાંપાનેર અને ધોળાવીરાને પણ વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં છે. પ્રાચીન બંદર શહેર લોથલ વિશ્વભરમાં ચર્ચાનો વિષય છે. ગિરનાર, પાવાગઢ, મોઢેરા અને અંબાજી સહિત અન્ય નોંધપાત્ર હેરિટેજ સ્થળોને વિકસાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

મિત્રો, અમે સ્વાતંત્ર્ય સંગ્રામના વારસા અને આપણી રાષ્ટ્રીય પ્રેરણા સાથે સંકળાયેલાં સ્થળો માટે વિકાસ અભિયાન શરૂ કર્યું છે. તમે દિલ્હીમાં રાજપથનું કર્તવ્યપથમાં પરિવર્તન જોયું હશે. અમે કર્તવ્યમાર્ગ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા ઊભી કરી. વધુમાં, અમે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સ્વાતંત્ર્ય સંગ્રામ અને નેતાજીને લગતી સાઇટ્સ વધારી છે, તેમને યોગ્ય માન્યતા પ્રદાન કરી છે. બાબાસાહેબ આંબેડકર સાથે જોડાયેલાં સ્થળોને પણ પંચતીર્થ તરીકે વિકસાવવામાં આવ્યાં છે. એકતા નગરમાં સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટી વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બની છે, જેમાં હજારો લોકોએ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપી હતી. દાંડીમાં પણ નોંધપાત્ર ફેરફારો થયા છે, જે હજારો મુલાકાતીઓને આકર્ષે છે. સાબરમતી આશ્રમનો ચાલી રહેલો વિકાસ અને વિસ્તરણ આ દિશામાં વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

REGD. NO. GAMC 563/ 2024-26 VALID UP TO 31-12-2026 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2024-26 VALID UP TO 31-12-2026 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

# પ્રદેશ મિડીયા સેન્ટરનો શુભારંભ

## લોકસભા ચૂંટણીમા ત્રીજી વખત જીતની હેટ્રિક સાથે ૪૦૦થી વધુ બેઠકો દેશમાં અને ગુજરાતમાં ૨૬માંથી ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુની લીડ સાથે જીતીશું તેવો દૃઢ વિશ્વાસ છે – શ્રી સી. આર. પાટીલ



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.